# <u>પ્રકરણ-૧૫</u>

## <u>(નિયમ સંગ્રહ-૧૪)</u>

## કાર્યો કરવા માટે નકકી કરેલાં ધોરણો.

**૧૫.૧ વિવિધ પ્રવૃતિઓ/કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગતો આપો.**

| | | |
|---|---|---|
| ૧ | નિગમની યોજનાઓમાં થતાં ધિરાણો | ૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર નં. અપબ/૧૩૦૪/૧૬૮૯/જ,તા.૧૭/૦૩/૦૪ થી ર્ડા.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ), હસ્તકની યોજનાઓમાં થતા ધિરાણોમાં ૧૫ ટકા ધિરાણ અતિપછાત જાતિઓ માટે વાપરવાના નિયત કરેલ છે. |
| ૨ | અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ટકાવારીના ધોરણે લાભ આપવા બાબત. | ૧. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ નં.અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ, તા.૧૭/૦૫/૨૦૦૪ થી નિયત થયા મુજબ ર્ડા.આંબેડકર આવાસ યોજનામાં જિલ્લાના કૂલ લક્ષ્યાંકના ૧૫ ટકાના ધોરણે અતિપછાત જાતિઓના ઇસમોને અગ્રતાના ધોરણે લાભ આપવાનું ઠરાવેલ છે.<br>૨. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર ક્રમાંક અપબ/૧૩૦૪/૨૧૬/જ તા.૧૨/૦૮/૨૦૦૪ થી ખાસ અંગભૂત યોજનામાં દરેક યોજનાની જોગવાઇના ૧૫ ટકા રકમ અતિપછાત જાતિઓ માટે વાપરવાનું નિયત થયેલ છે.<br>૩. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ નં. એસ.સી.ડબલ્યુ/૧૦૯૮/ન.બા./૮-ગ, તા.૧૩/૧૨/૦૪ ના ઠરાવથી અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાય યોજનામાં લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે ત્યારે અતિપછાત જાતિના ઓછામાં ઓછા ૧૫ ટકા હોવા જોઇએ તેવું નિયત થયેલ છે. |
| ૩ | આવક મર્યાદાનું ધોરણ | ૧. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ નં.એસ.સી.ડબલ્યુ/૧૦૨૦૦૩/૧૦૯૨/ગ તા.૧૪/૦૨/૦૫ ના ઠરાવથી અનુસૂચિત જાતિના ઇસમોને સ્વરોજગારી માટે નાણાકીય સવલત અંગેની માનવગરીમા યોજનામાં અતિપછાત જાતિઓ માટે આવકમર્યાદાનું ધોરણ રદ કરવામાં આવેલ છે. |